ગૃહમાં રજૂ કર્યા  તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

सत्यमेव जयते

# જાહેર સાહસો માટેની સમિતિ

# બીજો અહેવાલ

# પંદરમી ગુજરાત વિધાનસભા

**(ચૌદમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના છઠ્ઠા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે / નિગમે લીધેલાં પગલાં પરનો અહેવાલ)**

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

## ગુજરાત વિધાનસભા સચિવાલય
## ગાંધીનગર.
## ૨૦૨૪

ગૃહમાં રજૂ કર્યા તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

सत्यमेव जयते

# જાહેર સાહસો માટેની સમિતિ

# બીજો અહેવાલ

# પંદરમી ગુજરાત વિધાનસભા

**(ચૌદમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના છઠ્ઠા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે / નિગમે લીધેલાં પગલાં પરનો અહેવાલ)**

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

## ગુજરાત વિધાનસભા સચિવાલય

## ગાંધીનગર.

## ૨૦૨૪

HB-764-20-3-24-SSD

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# જાહેર સાહસો માટેની સમિતિ

## (૨૦૨૩ – ૨૦૨૪)

### પ્રમુખશ્રી

શ્રી ગણપતસિંહ વસાવા

### સભ્યો

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી ઇમરાન ખેડાવાલા
શ્રી બાબુભાઇ પટેલ
શ્રી જે. વી. કાકડીયા
શ્રી મહેશ કસવાલા
શ્રી હીરાભાઇ સોલંકી
શ્રી રમેશભાઇ કટારા
શ્રી કેતનભાઇ ઇનામદાર
શ્રી યોગેશભાઇ પટેલ
શ્રી અરૂણસિંહ રણા
શ્રી રમેશભાઇ મિસ્ત્રી
શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
શ્રી પૂર્ણેશ મોદી
શ્રી જીતુભાઇ ચૌધરી

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ
શ્રી ચિરાગ એન. પટેલ, ઉપ સચિવ
શ્રી મૃગેશ દવે, ઉપ સચિવ
શ્રીમતી પલક જે. ભાલોડિયા, સેકશન અધિકારી

## જાહેર સાહસો માટેની સમિતિ

## (૨૦૨૧ – ૨૦૨૨)

### પ્રમુખશ્રી

શ્રી પ્રદિપસિંહ જાડેજા

### સભ્યો

શ્રી કીરીટકુમાર પટેલ
શ્રી ચંદનજી ઠાકોર
શ્રી રમણભાઈ પટેલ
શ્રી કિશોર ચૌહાણ
શ્રી ઈમરાન ખેડાવાલા
શ્રી કેશુભાઈ નાકરાણી
શ્રી બચુભાઇ ખાબડ
શ્રી કેતનભાઈ ઈનામદાર
શ્રીમતી સંગીતાબેન પાટીલ
શ્રી મોહનભાઈ ઢોડિયા
શ્રી આર.સી. પટેલ
શ્રી અનંતકુમાર પટેલ
શ્રી અરવિંદ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ
શ્રી ડી. એ. ચૌધરી, ઉપ સચિવ
શ્રી મૃગેશ દવે, સેકશન અધિકારી

## જાહેર સાહસો માટેની સમિતિ

## (૨૦૨૦ – ૨૦૨૧)

### પ્રમુખશ્રી

ડૉ. નીમાબેન આચાર્ય

### સભ્યો

શ્રી કાંતિભાઇ ખરાડી

શ્રી રાકેશભાઇ શાહ

શ્રી જગદીશ વિશ્વકર્મા

શ્રી અરવિંદકુમાર પટેલ

શ્રી મહમદજાવીદ પીરઝાદા

શ્રી ભીખાભાઇ જોષી

શ્રી હર્ષદકુમાર રીબડીયા

શ્રી પુનમભાઇ પરમાર

શ્રી કેતનભાઇ ઇનામદાર

શ્રી સુખરામભાઇ રાઠવા

શ્રી અભેસિંહ તડવી

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી હર્ષ સંઘવી

શ્રી પુર્ણેશ મોદી

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ

શ્રી ડી. એ. ચૌધરી, ઉપ સચિવ

# અહેવાલ

૧. હું જાહેર સાહસો માટેની સમિતિનો પ્રમુખ સમિતિ વતી સમિતિનો નીચે મુજબનો અહેવાલ રજૂ કરું છું.

૨. ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલના સન ૧૯૯૩-૯૪ થી ૨૦૦૪ સુધીના ઑડિટ અહેવાલ (વાણિજ્યિક) પરના બારમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના પહેલા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો પર સરકારે/નિગમે લીધેલાં પગલાં પરનો ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિનો છઠ્ઠો અહેવાલ તા.૧૫મી જુલાઈ, ૨૦૧૯ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત છઠ્ઠા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો સંબંધમાં સરકારે/નિગમોએ લીધેલાં પગલાં સંબંધમાં સમિતિએ ગુજરાત પ્રવાસન નિગમ લી.ની તા.૦૬/૦૧/૨૦૨૧, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની તા.૦૩/૦૧/૨૦૨૨, ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમની તા.૦૫/૦૭/૨૦૨૩ અને તા.૦૩/૧૦/૨૦૨૩ તથા ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની તા.૦૫/૦૭/૨૦૨૩, તા.૦૩/૧૦/૨૦૨૩ અને તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ સમિતિની બેઠકમાં રૂબરૂ તપાસ હાથ ધરી હતી.

૩. સમિતિના ઉક્ત છઠ્ઠા અહેવાલમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને સંબંધિત ભલામણના ફકરા ક્રમાંક:૬ સંદર્ભમાં વિભાગે મોકલેલ લેખિત જવાબ તથા સમિતિની તા.૦૩/૦૧/૨૦૨૨ના રોજની બેઠક વખતે વિભાગ/નિગમના પ્રતિનિધિઓએ સમિતિ સમક્ષ રૂબરૂમાં કરેલી રજૂઆતને ધ્યાનમાં લઈ સમિતિએ સરકાર/નિગમે લીધેલાં પગલાં અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આથી સમિતિએ આ બાબતે આગળ કંઈ કરવાનું રહેતુ નથી.

૪. સમિતિના ઉક્ત અહેવાલમાં સમાવિષ્ટ ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમને સંબંધિત ભલામણના ફકરા ક્રમાંક:૫માં સી.આર.બી. કેપિટલ સમક્ષ પડતર કોર્ટ કેસ સંબંધે વિભાગ/નિગમે મોકલેલ અદ્યતન જવાબ તથા સમિતિ સમક્ષ વિભાગ/નિગમના પ્રતિનિધિઓએ કરેલી રજૂઆત અને તે અંતર્ગત લીધેલ પગલાં જોતાં કોર્ટના આખરી નિર્ણયની સમિતિને જાણ કરવાની સમિતિએ ભલામણ કરી હતી.

જે સંદર્ભમાં સમિતિની તા.૦૫/૦૭/૨૦૨૩ના રોજ મળેલ બેઠકમાં વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, સી.આર.બી. કેપિટલ વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ નવ કેસો પૈકી હાલ છ કેસો ચાલુ છે અને તે પૈકીના બે કેસોમાં હુકમનામું થઇ ગયેલ છે અને બંનેમાં અમદાવાદ સીટી સિવિલ કોર્ટ દ્વારા નિગમની તરફેણમાં (અનુક્રમે ૧૦ કરોડ ૮૬ લાખ અને ૧૧ કરોડ ૨૫ લાખનું) હુકમનામું કર્યું છે. વધુમાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે બન્ને હુકમનામાની થઈને વીસ કરોડ ઉપરની રકમ થાય છે એટલે નિગમે રોકેલ મૂડી જેટલી રકમની વસૂલાત કરી શકાય તેમ છે પરંતુ કંપનીની ઓફિસ અને રહેણાંકનું સરનામું મુંબઈ હોઈ, ઉક્ત કેસ મુંબઈની કોર્ટમાં ટ્રાન્સફર કરેલ છે. આથી, તેના હુકમનામાનું એક્ઝિક્યુશન થઈ શકેલ નથી. પરંતુ મુંબઇમાં સિનિયર એડવોકેટ રોકીને હુકમનામું એક્ઝિક્યુટ કરાવવું શક્ય થઇ શકે તેમ છે. સમિતિના માન. પ્રમુખશ્રીએ સી.આર.બી. કેપિટલ વિરુધ્ધ સી.આઈ.ડી. ને સોંપેલ તપાસ અંગે પૃચ્છા કરતાં નિગમના પ્રતિનિધિએ તપાસ ચાલુ છે તેમ જણાવ્યું હતું. સમિતિના માન. પ્રમુખશ્રીએ સી.આઈ.ડી. ક્રાઈમની તપાસ સંદર્ભમાં છેવટની પરિસ્થિતિની માહિતી માગતા નિગમના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે જે–તે સમયે નિગમે કંપની વિરુધ્ધ અમદાવાદમાં ફાઇલ કરેલ ક્રિમિનલ ફરિયાદ સામે પોલીસ તપાસના હુકમો થયા હતા. ત્યારબાદ સી.આઈ.ડી. ક્રાઈમે તેના રીપોર્ટમાં જણાવ્યું હતું કે જી.આઈ.આઈ.સી. એ

આવી જ ફરિયાદ/કેસ મુંબઇ કોર્ટમાં કરેલ હોઇ, કેસમાં દર્શાવેલા ગુના માટે ગુજરાતમાં તપાસ કરવાની જરુર નથી અને તેમના આ આખરી અહેવાલના આધારે તા. ૧૪/૧૦/૨૦૧૦ના રોજ નામ. કોર્ટે આ તપાસ બંધ કરવા આદેશ કર્યો હતો. તેનાથી નારાજ થઇને જી.આઈ.આઈ.સી. દ્વારા મેટ્રોપોલિટન અને સેશન્સ કોર્ટમાં ઘણા દાવાઓ કરવામાં આવેલ છે પરંતુ કોર્ટ દ્વારા તમામ દાવાઓ નામંજૂર કરવામાં આવ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં પણ નામદાર હાઈકોર્ટ સમક્ષ ક્રિમિનલ એપ્લિકેશન પડતર છે. (પરિશિષ્ટ–૧) ઉપરાંત મુંબઇ કોર્ટમાં પણ મેટર પેંડિંગ છે. સમિતિની બેઠકમાં વિભાગ/નિગમના પ્રતિનિધિઓએ સમિતિ સમક્ષ કરેલી રજૂઆતો તેમજ સરકાર/નિગમે લીધેલ પગલાંને ધ્યાને લેતાં સમિતિએ ઉક્ત તમામ પડતર કેસો બાબતે જ્યારે પણ જેટલી રકમની વસૂલાત થાય ત્યારે તેની જાણ સમિતિને કરવાનું જણાવી ભલામણનો નિકાલ કર્યો હતો. તેથી સમિતિએ હવે આ ભલામણ અંગે આગળ કોઇ તપાસ કરવાની રહેતી નથી.

૫. સમિતિના ઉક્ત છઠ્ઠા અહેવાલમાં ગુજરાત પ્રવાસન નિગમ લી.ને સંબંધિત ભલામણના ફકરા ક્રમાંક: ૮માં જણાવ્યા મુજબ સરકાર / નિગમ દ્વારા નક્કર પગલાં ભરી સરકારની તરફેણમાં ગાંધીનગર ખાતે આવેલ ગુજરાત ફનવર્લ્ડ લી. પ્રોજેક્ટ માટેની જમીનનો કબજો પાછો મેળવી શકાયો નહતો. જે માટે સમિતિને અધિકારીઓનું મેળાપીપણું તથા બિનજવાબદારીપણું સ્પષ્ટ જણાયું હતું. વધુમાં પ્રોજેક્ટના ખાનગી સાહસિકો પાસે જમીનનો કબજો હોવા છતા તેમણે જગ્યા પર કોઇ ડેવલપમેન્ટ કર્યું નથી કે નથી નિગમને વળતર પેટે કોઇ રકમની ચૂકવણી કરવામાં આવેલ. આમ છતા તેમણે જમીન તેમના નામે કરી આપવાનો કોર્ટમાં દાવો કરેલ. આ બાબતે સમિતિએ ભલામણ કરી હતી કે વિના વિલંબે ઉક્ત જમીનનો કબજો ગુજરાત ફનવર્લ્ડ પાસેથી પરત મેળવીને સમિતિને તેની જાણ કરવી.

સમિતિની ઉક્ત ભલામણ સંદર્ભે વિભાગે તા.૧૭/૧૦/૨૦૨૦ ના રોજ મોકલેલ પગલાંના પત્રકોમાં જણાવ્યું હતું કે નિગમ વિરૂદ્ધનો અને નિગમ દ્ધારા કરાયેલ એમ બે પ્રકારના દાવા ચાલી રહેલ છે. જેમાં નિગમ વિરુદ્ધ કરવામાં આવેલ દાવામાં issue settlement થઇ ગયેલ છે જ્યારે નિગમ દ્ધારા કરેલ દાવામાં દાવો સિવિલ કોર્ટમાંથી કોમર્શિયલ કોર્ટ, અમદાવાદમાં ટ્રાન્સફર થયેલ છે. ઉક્ત બંને દાવામાં સુનાવણીની કાર્યવાહી બાકી છે.

ઉક્ત બાબત સંદર્ભમાં સમિતિની તા. ૦૬/૦૧/૨૦૨૧ના રોજ યોજાયેલ બેઠકમાં વિભાગના પ્રતિનિધિના જણાવ્યા મુજબ આ કેસમાં જે ડ્યુ પ્રોસેસ કરવી જોઇતી હતી તે ટી.સી.જી.એલ.એ કરી નથી. છેલ્લા એકાદ વર્ષમાં કોમર્શિયલ કોર્ટમાં ચાર-પાંચ વાર મુદ્ધત પડી પરંતુ કોઇ નિર્ણય આવ્યો નથી અને પછી એવું નક્કી કરવામાં આવ્યું કે, કેસ કોમર્શિયલ કોર્ટમાંથી સ્પેશ્યલ સિવિલ કોર્ટમાં ટ્રાન્સફર કરવો. સિવિલ કોર્ટમાંથી હજુ સુધી એની મુદ્ધત આપવામાં આવી નથી. નિગમના પ્રતિનિધિએ વધુમાં જણાવ્યું હતું કે નિગમે લેવાની થતી બાકી રકમ તથા જમીનનો પરત કબજો લેવા દાવો દાખલ કરેલ છે. તત્સમયે સમિતિના માન. પ્રમુખશ્રી એ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, હકીકતમાં તો કોમર્શિયલ કોર્ટમાંથી જલ્દીથી ચુકાદો આવી જતો હોય છે જે આ કેસમાં બની શક્યું નથી. નિગમના પ્રતિનિધિએ પણ કોમર્શિયલ કોર્ટમાંથી એક વર્ષમાં ચુકાદો આવી જવાની માન. પ્રમુખશ્રીની બાબતને સમર્થન આપ્યું હતું. દાવો ફરીથી સિવિલ કોર્ટમાં ટ્રાન્સફર કરવાની બાબત અંગે સમિતિને આશ્ચર્ય થયું હતું કારણ કે સિવિલ કોર્ટમાં તો કેસના નિકાલ માટે લાંબો સમય નીકળી જતો હોય છે. સમિતિને એ વાતનું પણ આશ્ચર્ય થયું હતું કે, નિગમે વર્ષ ૧૯૯૨થી વર્ષ ૨૦૧૫ સુધી આ બાબતે કોઇ કાયદાકીય

કાર્યવાહી/પગલાં ભર્યા ન હતા. આ ઉપરાંત સામેના પક્ષકારે વર્ષ ૨૦૦૮માં નિગમ ઉપર કેસ કર્યા બાદ સાત વર્ષ સુધી નિગમ એક્શનમાં આવ્યું ન હતું જે અંગે સમિતિ નિગમની ઘોર ઉપેક્ષા ગણીને સખ્ત નારાજગી વ્યક્ત કરે છે સમિતિને આ કેસમાં સામા પક્ષને કોઈ ફેવર કરી રહ્યું હોય તેવું જણાયું હતું નહીંતર આટલા વર્ષો સુધી બાબતનો ઉકેલ ના આવે એવું બની શકે નહીં. આ તબક્કે વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે આ ૩૦ વર્ષ જૂનો અને થોડો કોમ્પ્લીકેટેડ કેસ છે. એટલે ફરી એકવાર એ.જી.સાહેબનો લીગલ ઓપીનીયન લઈને આગળ વધવું યોગ્ય જણાય છે વધુમાં તેમણે એ પણ જણાવ્યું હતું કે, એમ.ઓ.યુ. અને શેરહોલ્ડર એગ્રીમેન્ટના એવા ક્લોઝ કે જેનાથી નિગમની ફેવરમાં બાબત આવી શકે તેમ છે એના માટે કંપની એક્ટના કોઈ નિષ્ણાંત પાસેથી પણ ઓપીનિયન મેળવીને આગળ વધીશું. બેઠકની આખરમાં **<u>સમિતિએ કેસ સંબંધમાં ગંભીર લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સિવિલ કોર્ટમાં તો ડિક્રી આવતાં વર્ષો નીકળી જશે તેને બદલે સામસામે કોઈ કોમ્પ્રોમાઈઝીંગ ફોર્મ્યુલા કે આર્બીટ્રેશનમાં કોઈ રસ્તો નીકળી શકે અથવા તો એ.જી.સાહેબનો લીગલ ઓપીનીયન લઈને જો લેન્ડ ગ્રેબીંગનો કાયદો લાગુ પાડી શકાય તો એ પ્રમાણે નિગમે આગળ વધવું જોઈએ અને આ સંબંધમાં સરકાર/નિગમ જે કોઈ પગલાં લે તેની સમિતિને જાણ કરવાની શરતે સમિતિએ ઉક્ત ભલામણનો નિકાલ કર્યો છે.</u>**

૬. સમિતિના ઉક્ત અહેવાલમાં સમાવિષ્ટ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ સંબંધિત ભલામણના ફકરા ક્રમાંક: ૮માં મે. રોયલ મોટર્સના પ્રોપરાઈટર કાશીનાથ જાદવે કરેલ ફ્રોડ અન્વયે તેમની પાસેથી કરવાની થતી વસૂલાત સંદર્ભે યોગ્ય કાર્યવાહી કરી સમિતિને તેની જાણ કરવા સમિતિએ ભલામણ કરી હતી.

જે સંદર્ભે વિભાગ/નિગમ દ્વારા મોકલાવેલ પગલાંના પત્રકોની સમિતિએ તા.૦૫/૦૭/૨૦૨૩ના રોજની બેઠકમાં તપાસ હાથ ધરી હતી. વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે જે તે સમયે મે. રોયલ મોટર્સના પ્રોપરાઈટર કાશીનાથ જાદવ દ્વારા રૂા. ૬૧,૬૫,૦૮૩ નું ફ્રોડ કર્યાની બાબત હતી. જે સંદર્ભે તેઓની સામે તપાસ પણ થયેલ છે અને તેમાં માલુમ પડેલ કે શ્રી જાદવ આવા અન્ય ફ્રોડ કેસોમાં પણ સંડોવાયેલા હતા. તેઓ મુંબઈ ખાતે રહેતા હતા પણ પછીથી જેલમાં હતા અને ત્યાં પણ પત્રવ્યવહાર કરેલ હતો પરંતુ કોઈ પ્રત્યુત્તર કે તેમનો પતો ન મળતાં તેમની ભાળ/તપાસ મેળવવા નિગમના અધિકારીઓને રૂબરૂ મુંબઈ ખાતે મોકલેલ હતા અને તેઓએ તે સબંધમાં રજૂ કરેલ અહેવાલ મુજબ સદર કેસમાં વસૂલાત આવવાની સંભાવના નહિવત જણાઈ હતી. તેની સામે સમિતિના માન. પ્રમુખશ્રીએ નિગમના તત્કાલીન એમ.ડી. સંબંધે કરેલ પૃચ્છા અન્વયે મળેલ જવાબ સંદિગ્ધ જણાતાં તેઓએ વિભાગ/નિગમને સંપૂર્ણ માહિતી સાથે સમિતિ સમક્ષ હાજર રહેવા તાકીદ કરી હતી. વધુમાં માન. પ્રમુખશ્રીએ તત્કાલીન ઉચ્ચ અધિકારીઓ કોણ હતાં અને તેમની વિરુદ્ધમાં થયેલ કાર્યવાહી તેમજ શ્રી જાદવને પણ કાયદાકીય રાહે અત્રેના હકૂમત ક્ષેત્રમાં પકડી લાવવાની કામગીરી સાથે આગામી બેઠકમાં હાજર રહેવાનું જણાવી તપાસ મુલતવી રાખી હતી.

ત્યારબાદ સમિતિની તા.૧૮/૧૨/૨૦૨૩ના રોજની બેઠકમાં સમિતિએ તા.૦૩/૧૦/૨૦૨૩ના રોજ વિભાગ/નિગમને આપેલ સૂચના સંબંધે કરેલ કાર્યવાહી અંગે પૃચ્છા કરતાં, નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં શ્રી જાદવની વર્ષ ૨૦૦૪માં ધરપકડ થઇ હતી અને કોર્ટે એમને છોડ્યા હતા એટલે હવે કોર્ટ મારફત જ ઉકેલ લાવી શકાશે એવું પોલીસ અધિક્ષકે લેખિતમાં સ્ટેટમેન્ટ આપ્યું છે. હાલ શ્રી જાદવ કોઈ

પ્રાઈવેટ પેઢી સાથેની રૂા.૧૭ કરોડની છેતરપીંડીના કેસમાં મુંબઈ જેલમાં છે. આરોપીને મુંબઈથી અહીં લાવવા માટે કોર્ટમાં જવાની શી જરૂર છે તેવી સમિતિના માન. પ્રમુખશ્રીની પૃચ્છાના સંબંધમાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે તેમને કોર્ટે છોડ્યા હતા એટલે હવે કોર્ટના આદેશથી જ તેમને અહીં લાવી શકાશે. ત્યારબાદ સમિતિના માન.પ્રમુખશ્રીએ સરકારે તેમની પાસેથી કરવાની થતી વસુલાત સંબંધમાં પૃચ્છા કરતા નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે નિગમે રૂા.૬૧ લાખ વતા ૧૮ % લેખે વ્યાજની ગણતરી કરીને રૂા.૩ કરોડ ૫૧ લાખનો દાવો દાખલ કર્યો છે. સમિતિએ આરોપીને ગુજરાતમાં લાવવાની કાર્યવાહી હાથ ધરવા તથા વસૂલાત ઝડપથી થાય તે સંબંધમાં કરેલ સમગ્ર કાર્યવાહીની જાણ સમિતિને કરવાનું જણાવી ભલામણનો નિકાલ કર્યો હતો. આથી સમિતિએ હવે આ બાબતે આગળ તપાસ કરવાની રહેતી નથી.

૭. સમિતિના ઉક્ત બીજા અહેવાલ પર વિભાગે/નિગમે લીધેલાં પગલાં અંગેની વિગતો અને વિભાગ/નિગમના પ્રતિનિધિઓની સમિતિએ કરેલ રૂબરૂ તપાસની કાર્યવાહી અને નિર્ણયોને ધ્યાનમાં લઈ, પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિએ તેની તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજની બેઠકમાં આ અહેવાલના મુસદ્દા પર ચર્ચા વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

૮. સમિતિની તપાસ દરમિયાન ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ તથા સંબંધિત વિભાગના નાણા સલાહકારશ્રીઓએ સમિતિની બેઠકમાં હાજર રહીને સમિતિને પૂરા પાડેલ માર્ગદર્શન બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૯.	અહેવાલમાં દર્શાવેલ સરકારના સંબંધિત વિભાગોના સચિવશ્રીઓ તથા જાહેર સાહસના મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ અને અન્ય અધિકારીશ્રીઓ સમિતિની બેઠકમાં હાજર રહ્યા હતા અને સમિતિને તેના કામકાજમાં સહકાર આપવા બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૧૦.	ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારી/કર્મચારીઓએ સમિતિના કામકાજમાં કરેલ સહાયની સમિતિ કદર કરે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા.૦૨-૦૧-૨૦૨૪**

**ગણપતસિંહ વસાવા**
**પ્રમુખશ્રી**
**જાહેર સાહસો માટેની સમિતિ.**

**પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના બીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ/અવલોકનનો સારાંશઃ**

| અ.નં. | ફકરા ક્રમાંક | ભલામણ/અવલોકનનો સારાંશ |
|---|---|---|
| ૧ | ૫ | સમિતિએ કેસ સંબંધમાં ગંભીર લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સિવિલ કોર્ટમાં તો ડિક્રી આવતાં વર્ષો નીકળી જશે તેને બદલે સામસામે કોઇ કોમ્પ્રોમાઇઝીંગ ફોર્મ્યુલા કે આર્બીટિશનમાં કોઇ રસ્તો નીકળી શકે અથવા તો એ.જી.સાહેબનો લીગલ ઓપીનીયન લઇને જો લેન્ડ ગ્રેબીંગનો કાયદો લાગુ પાડી શકાય તો એ પ્રમાણે નિગમે આગળ વધવું જોઇએ અને આ સંબંધમાં સરકાર/નિગમ જે કોઇ પગલાં લે તેની સમિતિને જાણ કરવાની શરતે સમિતિએ ઉક્ત ભલામણનો નિકાલ કર્યો છે. |

# પરિશિષ્ટ-૧

## પરિશિષ્ટ – અ

ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ લી.

ગાંધીનગર

| કેસની વિગત | કોર્ટનું નામ | હાલની સ્થીતી | જીઆઇઆઇસી લી. દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી |
|---|---|---|---|
| કોમર્શયલ એકઝીકયુશન એપ્લીકેશન નં.૧૦૯૭૦/ ૨૦૨૩ (સ્ટેમ્પ)<br>જીઆઇઆઇસી વીરૂ. સી.આર.બી. કેપીટલ માર્કેટ્સ લી. ના ગેરેંટર. સીટી સીવીલ કોર્ટ, અમદાવાદ. | હાઇકોર્ટ ઓફ બોમ્બે | હુકમ તારીખ થી પ્રાપ્તી સુધી વાર્ષીક ૯% વ્યાજ સહીત રકમ રૂ.૧૦,૮૬,૨૧,૯૩૪.૬૬ માટે માનનીય અદાલતશ્રી એ તા.૨૦-૧૧-૨૦૧૭ ના રોજ હુકમ (ડીકરી) કરેલ છે. | કેસમાં કોર્ટે વાંધાઓ કાઢેલ જે દૂર કરવામાં આવેલ છે, અને હાલમાં મેટર ચકાસણી હેઠળ છે ચકાસણી થઈ ગયા પછી કેસને ફાઇનલ નંબર આપવામાં આવશે અને ત્યાર પછી નોટીસ બજાવવામાં આવશે. |
| કોમર્શયલ એકઝીકયુશન એપ્લીકેશન નં.૧૧૦૫૩/ ૨૦૨૩ (સ્ટેમ્પ)<br>જીઆઇઆઇસી વીરૂ. સી.આર.બી. કેપીટલ માર્કેટ્સ લી. ના ગેરેંટર. સીટી સીવીલ કોર્ટ, અમદાવાદ. | હાઇકોર્ટ ઓફ બોમ્બે | હુકમ તારીખ થી પ્રાપ્તી સુધી વાર્ષીક ૯% વ્યાજ સહીત રકમ રૂ.૧૧,૨૫,૭૭,૩૭૨.૦૦ માટે માનનીય અદાલતશ્રી એ તા.૧૩-૧૧-૨૦૧૭ ના રોજ હુકમ (ડીકરી) કરેલ છે. | કેસમાં કોર્ટે વાંધાઓ કાઢેલ જે દૂર કરવામાં આવેલ છે, અને હાલમાં મેટર ચકાસણી હેઠળ છે ચકાસણી થઈ ગયા પછી કેસને ફાઇનલ નંબર આપવામાં આવશે અને ત્યાર પછી નોટીસ બજાવવામાં આવશે. |

૨૧/૧/૨૦૨૩

એમ. ટી ડામોર

ઝોનલ ઓફિસર (અમદાવાદ) તથા લીગલ ઓફીસર

**ANNEXURE-B**

## COURT CASES STATUS : M/S. CRB CAPITAL MARKETS LIMITED

## AS ON 27/09/2023

| Sr. No | Case / Complaint No. | Name of the Court | Particular of case | Present Status |
|---|---|---|---|---|
| 1 | Cr. Complaint Nos. (New Numbers)<br>2803343/2008,<br>2803344/2008,<br>2803345/2008 | Metropolitan Court, Ahmedabad | Criminal Complaints filed against the company and promoter / directors regarding dishonor of cheques for insufficiency of fund etc. in the account **(U/s. 138 of Negotiable Instrument Act, 1881).**<br>GIIC Ltd V/s. CRB Capital, CR Bhansali, Subhkaran Jain, Manjula Bhanali, Talia Lal Panna, Sharma Kumar Vimal, Dixit Dutt Brahma, Tandan Narayan Shyam. | **Pending.** Next date of hearing is 09/11/2023.<br>Stage: Process to accused. |
| 2 | Case No. 252/SW/2005.<br>GIIC Limitd V/s. Jitendra Pahadia, CRB Capital Markets Ltd, CR Bhansali, Jain Kumar, Smt. Manjula Bhansali, Talia Lal Panna, Sharma Kumar Vimal, Dixit Dutt Brahma, Tandan Narayan Shyam. | 28th Court Esplande Court, Mumbai (Old Court is Metropolitnn Court, Mumbai) | Criminal Complaint filed against Jitendra Pahadia, CA and directors of CRB Capital Markets Ltd for issuing false CA certificate by CA regarding creation of assets for obtaining Disbursement of Loan from GIIC.(Under IPC No.379-Theft, 403-Dishonest Misappropriation, 420-Cheating, 406-Criminal Breach of trust, 102(B)-Criminal Conspiracy of Offence, 34-Common Intension to cheat for dishonest misappropriation). | Application for substitution of the representative of the Complainant late Mr. PJ Patel is filed on 17th March, 2023. Pending for hearing<br>Next hearing date is 02/11/2023.<br>**Pending.** |
| 3 | Company Petition No.191/1997.<br>Reserve Bank of India V/s. CRB Capital Markets Ltd (Provn. Liqn.) | High Court, Delhi | **For winding up** of Company.<br>**Reasons:**<br>Filed in the interest of depositors, large scale misuse of discounting facility, was holding excess | Petition dismissed vide order 24/01/2006 with sanctioning the scheme.<br>**When winding up petition was going on, the Company** |

| | | | | |
|---|---|---|---|---|
| | | | deposit, paid brokerage in excess of the maximum permissible rates, violated SEBI Regulations, rating of company downgraded, received complaints from TFCI regarding non-payment of deposits.<br><br>**Prayers:**<br><br>a) The company be wound up under the direction of Hon'ble Court under the provisions of the RBI Act,1934 read with the Companies Act 1956.<br><br>b) Official Liquidator be appointed to wind up the affairs of the Company. etc. | **proposed Scheme of Compromise and Arrangement.** This Winding Up petition dismissed while sanctioning Scheme vide Order dated 24/01/2006.<br><br>**Pending.**<br><br>**Next listing date 12/12/2023** |
| 4 | Company Petition No. 251/2002<br><br>CRB Capital Markets Ltd. V/s. Reserve Bank of India. | High Court of Delhi | When winding up petition was going on, the Company proposed Scheme of Compromise and arrangement.<br><br>**Prayers :**<br><br>Scheme of compromise and / or arrangement may kindly be sanctioned by Court so as to binding on all the secured creditors, unsecured creditors and shareholders of the company and on the company. | Scheme sanctioned with modification. Court accepted GIIC as secured creditors for Rs.10 Cr. Line of Credit facility and not considered for Rs.12.05 Crore Bill Discounting facilities.<br><br>Matter is pending. Next Listing Date is **12/12/2023.** |
| 5 | Appeal No. 18/2006 (GIIC),<br><br>Appeal No. 8/2006 (RBI),<br><br>Appeal No. 15/2006 (SEBI),<br><br>Appeal No. 9/2006 (Malanpur Steel Ltd.) | High Court, Delhi | The company judge of Delhi High Court Sanctioned the modified scheme vide order dtd. 24/01/2006 passed in CP No. 251/2002).<br><br>Aggrieved by the aforesaid order, GIIC filled this Appeal for challenging the order dtd.24/01/2006 to set aside the order of winding up for following prayers. | High Court Delhi vide order dtd. 29/02/2008, set aside the order and remanded the matter back for fresh disposal on various issues which were raised by RBI and SEBI.<br><br>The honorable DB vide order dtd. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | Prayers:<br><br>To allow the appeal and set aside the impugned judgment dated 24/01/2006 passed by the company judge in Petition No. 251/02.<br><br>To restore the winding up petition No. 191/97 along with all interim orders passed in the winding up petition and allow the winding up proceedings to on.<br><br>(The RBI has preferred this appeal against the Order dated 24/01/2006 passed by the Company Judge in Company Petition No.251/2002 by which the Judge was pleased to sanction the Scheme of Arrangement propounded by the management of the Company under Section 391 of the Companies Act, 1056.)<br><br>In the said Company Appeal the Hon'ble High Court Delhi vide Order dated 29/02/2008 set aside the order and remanded the matter back for fresh disposal on the various issues which were raised by RBI and SEBI.<br><br>The Hon'ble Division Bench vide Order dated 21/11/2012 set aside the impugned judgment and order dated 24/01/2006 and remitted matter back to Company Court for consideration of Winding up petition being Company Petition No. 191/1997. | 21/11/2012 set aside the impugned judgment and order dtd. 24/01/2006 and remitted the matter to the company court for consideration for the winding up the petition being CP No.191/1997. |
| 6 | Special Leave Petition Nos. 39324 to 39327 of 2012 filed by | Supreme Court of India. | Filed against the order dtd. 21/11/2012 passed by the DB of honorable Delhi High Court in Company appeal | Supreme Court vide order dtd. 19/04/2016 **disposed** of these |

| | | | | |
|---|---|---|---|---|
| | CRB Capital Markets Ltd., V/s. Reserve Bank of India | | Nos. 8/2006, 9/2006, 15/2006 and 18/2006 setting aside the order dated 24/01/2006 passed by the LD., Company Judge sanctioning the Scheme of Compromise and / or arrangement.<br><br>(The Honorable DB vide order dtd. 21/12/2012 set aside the impugned judgment and order dtd. 24/1/2006 and remitted the matter to company court for consideration the winding up petition CP No.191/1997.)<br><br>(Aggrieved by the order dtd. 21/12/2012 of division bench of Delhi High Court, CRB has filled SLP in the Supreme Court of India.) | SLPs. Now the matter is pending with Delhi High Court |
| 7 | Sp. Cr. Application No. (1) 281/2014, GIIC Ltd v/s. State of Gujarat (TI Pharma Ltd of CRB Capital),<br><br>(2) 282/2014, GIIC Ltd V/s. State of Gujarat (Tuskan Exports Limited) and<br><br>(3) 283/2014, GIIC Ltd V/s. State of Gujarat (Rashmirita Exports Pvt Ltd) before High Court of Gujarat. | High Court of Gujarat. | For orders or directions **to quash and set aside the judgment and order dtd. 24/9/2013 passed in Criminal Revision Applications** No. 211/2013, 212/2013 & 213/2013 by City Civil and Sessions Court, Ahmedabad.<br><br>(In round of litigation, Session Judge observed to proceed against accused No.9, company and its directors by making application before Magistrate, it is duty of Magistrate to comply with the directions & proceed for inquiry & trial against accused No.9 & its directors).<br><br>(Criminal Revision Applications No. 211 to 213/2013 have been filed | Vide Order dated 01/02/18 Registry is directed to tag all the matters together on the next date.<br><br>Matter is **pending** for further hearing.<br><br>Next listing date is 12/10/2023. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | against the Company and its Directors' and its three Leasing Companies who have submitted false certificate for getting financial assistance and for missing machinery hypothecated in favour of GIIC.) (the aforesaid CRAs have been dismissed on the ground that the set of facts before the trial court in the criminal case before the Mumbai Court are same & identical).(On the same set of facts & on same allegation, second criminal proceeding cannot be proceeded against CRB Capital and its Directors). | |

--------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.